

શહેરના સે-૨૩ સ્વામીનારાયણ મંદિર ખાતે આયોજીત અમૃતવર્ષા મહોત્સવ પ્રસંગે આજે નરનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધૂ. આચાર્ય મહારાજ શ્રી કોશલેન્દ્ર પ્રસાદજી સવારે પધાર્યા હતા. મહારાજશ્રીએ અમૃતવર્ષા પ્રદર્શનની પણ મુલાકાત લીધી હતી અને પ્રદર્શન નિહાળ્યું હતું. ત્યારબાદ આશિર્વાદસભા યોજાઈ હતી. તેઓશ્રીના વરદહસ્તે પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીની કલમે લખાયેલા ૨ પુસ્તકો 'હરિબલગીતા કથા વિવેચન' તથા 'નારાયણ ગીતા'નું વિમોચન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સંતગણ અને હરિભકતો ઉપસ્થિત રહ્યા હતા.

# સિવિલમાં એકસપાયરી ડેટના ગ્લુકોઝના મામલે તપાસનો આદેશ

ગાંધીનગર સિવિલ ખાતે તાત્કાલીક વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીની તાજેતરમાં બેદરકારી સામે આવી હતી. જેમાં તાત્કાલીક વિભાગમાં અકસ્માતગ્રસ્ત દર્દીને ગ્લુકોઝની બોટલ ચડાવાઈ હતી. જેમાં દર્દીના સગાનું ધ્યાન પડતા તેને જોયું તો બોટલ એકસપાયરી ડેટની હતી. જેને પગલે થોડીવાર માટે હોહા મચી જવા પામી હતી. જયારે દર્દીને લઈને સ્નેહીજનો ખાનગી ક્લીનીકમાં સારવાર માટે લઈ ગયા હતા. આ કેસની ગંભીરતાને લઈને દર્દીના સગાઓએ સિવિલના સત્તાધિશોને બનાવ અંગેની જાણ કરી હતી. ત્યાર બાદ સિવિલ તંત્ર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે. જેને પગલે સિવિલમાં જેટલો પણ દવાનો જથ્થો હશે તે



તમામની ચકાસણી કરવામાં આવશે. જો એકસપાઈયરી ડેટની દવા મળી આવશે તો તેનો નાશ કરવામાં આવશે.જેને લઈને તમામ કર્મચારીઓ કામે લાગી ગયા છે. જયારે દરેક વિભાગ અને વોર્ડમાં સ્ટાફના કર્મચારીઓને આદેશ આપવામાં આવ્યો છે કે કોઈપણ દર્દીઓને ગ્લુકોઝની બોટલ, દવા, ઈન્જેંકશન,દવાઓ સહિતની વસ્તુનો ઉપયોગ કરતા પહેલા અવશ્ય એકવાર તેની એકસપાયરી ડેટ જોઈ લેવા સુચન કર્યુ છે. જેને અનુલક્ષી હાલના સમયે તમામ દવાઓનો જથ્થો ચેક કરવામાં આવી રહ્યો છે. કયાંય પણ દવાના જથ્થામાં એકસપાયરી ડેટની દવા માલુમ પડશે તો તેનો નિકાલ તંત્ર દ્વારા કરવામાં આવશે. રાજયના પાટનગરની સિવિલની આ દશા અને દિશા છે તો અન્ય હોસ્પિટલની શું હાલત હશે તેની કલ્પના કરી શકાય તેમ છે. સિવિલની સમસ્યાઓ ઘટવાને બદલે વધતી જોવા મળી રહી છે. તંત્ર દ્વારા દર્દીઓને આરોગ્યલક્ષી યોગ્ય સારવાર મળી રહે તે માટે જરુરી સુચન પણ કરવામાં આવશે.તેમ સિવિલના આંતરીક સુત્રો દ્વારા જાણવા મળ્યું છે.

# અમદાવાદથી બસમાં આવતા કર્મચારીઓને વિધાનસભા સંકુલ પાસે જ ઉતરવું પડશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના સચિવાલય સંકુલ ખાતે રાજયના મુખ્યમંત્રી અને મંત્રી મંડળનો શપથવિધી સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ભાજપ શાસિત રાજયના મુખ્યમંત્રીઓ, ભાજપના આગેવાનો, હોદેદારો, સાધુ-સંતો સહિત રાજયભરમાંથી કાર્યકરો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહેશે. ત્યારે સચિવાલયને લોખંડી પોલીસ સુરક્ષામાં ફેરવી દેવામાં આવ્યું છે.

સુરક્ષાને ધ્યાને લઈને સચિવાલયમાં પાર્કીંગ પણ કરવા દેવામાં આવશે નહી. ત્યારે અમદાવાદથી કર્મચારીઓને સચિવાલય લઈને આવતી બસ પણ વિધાનસભા પાસે ઉભી રહેશે. જયાંથી કર્મચારીઓને નીચે ઉતરીને ચાલતી પકડીને ઓફિસ પહોંચવુ પડશે. શપથ સમારોહ હોવાથી સલાતમીને ધ્યાને રાખીને તમામ વાહનો પર સચિવાલયમાં પ્રવેશ બંધી ફરમાવવામાં આવી છે.

ત્યારે સચિવાલયમાં ફરજ બજાવતા હોય અને અમદાવાદ રહેતા હોય તેવા હજ્જારો કર્મચારીઓ છે. ત્યારે સચિવાલયમા ફરજ બજાવતા અધિકારી-કર્મચારીઓને લેવા તેમજ મુકવા માટે એસટી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. અમદાવાદના વિવિધ માર્ગો પર થઈને ગાંધીનગર આવતી બસો વિધાનસભા થઈને જુના સચિવાલય પાસે પહોંચે છે. પરંતુ સચિવાલયમાં શપથ સમારોહને પગલે લોખંડી કિલ્લેબંધી હોવાથી તંત્ર દ્વારા સલામતીને ધ્યાને રાખીને કર્મચારીઓને લઈને આવતી બસ પણ અંદર નહીં જવા દેવા સુચના આપવામાં આવતા વિધાનસભા પાસે તમામ કર્મચારીઓને ઉતારી દેવામાં આવશે. ત્યાંથી અધિકારી- કર્મચારીઓ ચાલતા ચાલતા કચેરી ખાતે પહોંચશે.

# સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા વાર્ષિકોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ શાળાના વાલીઓને પીપીટી દ્વારા શાળાની વેબસાઈટનો ઉપયોગ, શાળાની મોબાઈલ એપ.નો ઉપયોગ ગુજરાતનું દેશભરમાં મહત્વ દર્શાવતું નાટક 'ગુજરાત કી ખુશ્બુ' અસરકારક રીતે રજૂ કર્યુ હતું.



સ્કુલના આઈ.સી.એસ.સી. બોર્ડ, અંગ્રેજી માધ્યમના પ્રિ. પ્રાયમરીથી ધો-૫ના વિદ્યાર્થીઓ દ્વારા રવિવારે ટાઉનહોલ ખાતે 'ઓલ ઈઝ વેલ' થીમ ઉપર સુંદર મજાનો કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટય સાથે કરાઈ હતી. સાથે 'તારી ઈચ્છા વિના તો કાંઈ થાય નહિ' તે પ્રાર્થના કરવામાં આવી હતી. નાના બાળકો દ્વારા સ્વાગત ગીત વિવિધ ડાન્સ તેમજ નાટક 'ઓલ ઈઝ વેલ' રજુ કરવામાં આવ્યું હતું.

સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા 'ભણવામાં ટુ જી, ગણવામાં ફોર જી...' થીમ ઉપર બપોરે ૨ વાગે કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. મહેમાનો દ્વારા દિપ પ્રાગટય બાદ પ્રાર્થના તથા સ્વાગત ગીતથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ડાન્સ તેમજ ખૂબ જ રસપ્રદ અને સંદેશપ્રેરક 'ભણવામાં ટુ જી, ગણવામાં ફોર જી...' નાટક રજુ કરવામાં આવ્યું હતું.

તથા શાળાના ફેસબુક પેજ, યુ ટયુબ, ઈન્સ્ટાગ્રામ પેજ પર કઈ રીતે જોડાવું



તે અંગેની માહિતી આપવામાં આવી હતી.

સાંજે ૫.૦૦ વાગે શાળાના આઈ.સી.એસ.સી. બોર્ડના ધો-૬ થી ધો-૧૦ના વિદ્યાર્થીઓ દ્વારા 'ગુજરાત કી ખુશ્બુ' થીમ ઉપર કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાતનો ઈતિહાસ, ગુજરાતની સંસ્કૃતિ, ખાણીપીણી, ગુજરાતના લોકનૃત્યો, અમદાવાદની ગૌરવગાથા, ગુજરાતના તહેવારો, ગુજરાતની મહાન વિભૂતિઓ વિષયના કાર્યક્રમો રજૂ થયા હતા. વિદ્યાર્થીઓએ

સ્વામિનારાયણધામ ઈન્ટરનેશનલ સ્કુલના સ્ટેટ બોર્ડ, અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ દ્વારા 'આઈ એમ પોસીબલ' થીમ ઉપર રાત્રે ૮ વાગે કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓ દ્વારા 'સ્ત્રી શકિતકરણ તેમજ બેટી બચાવો... બેટી પઢાવો..' વિષય પર 'આઈ એમ પોસીબલ' નાટક રજુ કરવામાં આવ્યું હતું. સમાજજીવનમાં સ્ત્રીની વિવિધ ભૂમિકા દર્શાવતા અસરકારક ગીતો શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. આમ શાળાના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ જ સુંદર કાર્યક્રમ રજૂ કર્યો હતો.

## બાળદર્દીઓ સાથે ૧૦૮ની ટીમે નાતાલ ઉજવી

ગાંધીનગરની ૧૦૮ ટીમ દ્વારા નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. આ ટીમના સભ્યોએ 'સાન્ટાકલોઝ' સાથે સિવિલ હોસ્પિટલના બાળકોના વિભાગમાં બાળદર્દીઓની મુલાકાત લઈ તેમનું ચોકલેટસ દ્વારા મ્હોં મીઠું કરાવ્યું હતું. સાન્ટાકલોઝને નિહાળી બાળદર્દીઓના ચહેરાં પર સ્મિત ઝળકી ઉઠયું હતું.

## ટ્રાફિક પોલીસ જ નહીં, આરટીઓ ઈન્સ્પેક્ટર પણ ઈ મેમો પકડાવશે

ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરનારા વાહન ચાલકો કે માલિકોને હવે ટ્રાફિક પોલીસ જ નહીં, પરંતુ આરટીઓના ઈન્સ્પેક્ટર પણ તુરત જ ઈ મેમો પકડાવી દેશે. તાજેતરમાં જ આરટીઓના આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરને પ્રાયોગિક ધોરણે ટેબ્લેટ મશીન જેવાં મશીન આપવામાં આવી રહ્યાં છે. રાજ્યની ૩૬ આરટીઓ કચેરી પૈકી તા. ૨૩ આરટીઓ આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટરને મશીનનો ઉપયોગ કરવા અંગેની તાલીમ આપી દેવામાં આવી છે. ટેબ્લેટ જેવા દેખાતા આ મશીનોમાં આરટીઓની કચેરીમાં ચોપડે નોંધાયેલાં તમામ વિહિકલના ડેટા ફીટ કરેલા હશે. જેથી તેમને મશીનની ફાળવણી કરાઈ હશે તે ઈન્સ્પેક્ટરને કોઈ પણ વાહન ચાલક ટ્રાફિકને ભંગ કરતો દેખાશે કે તરત જ તે સ્થળ પર જ વાહનચાલકને રોકીને ઈ મેમો પકડાવી દેશે.

## ૨૭મીએ કોંગ્રેસ દ્વારા સી.જે. ચાવડાનું અભિવાદન થશે

ગુજરાતની વિધાનસભા ૨૦૧૭ની ચૂંટણીમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષનાં જવંલત પ્રદર્શન સાથે ગાંધીનગરની પાંચ વિધાનસભા બેઠકોમાંથી મતદારોએ ત્રણ બેઠકો પર કોંગ્રેસના ઉમેદવારોની પસંદગી કરી છે. જેપૈકી ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભાના લોકલાડીલા ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડા વિજેતા જાહેર થયા બાદ સૌ ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકરોમાં ભારે ઉત્સાહ સાથે આગામી તા. ૨૭-૧૨-૨૦૧૭ બુધવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સે-૧૨, ગાંધીનગર ખાતે સવારે ૧૦ કલાકે ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા ડૉ. સી.જે. ચાવડા સાહેબનો અભિવાદન સમારોહ આયોજીત કરવામાં આવ્યો છે.

જેમાં ગાંધીનગર મહાનગર પાલિકાના વિપક્ષ નેતા શ્રી શૈલેન્દ્રસિંહ બિહોલા, પૂર્વ પ્રમુખશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સંગઠનના તમામ હોદેદારો, વિવિધ સેલના ચેરમેનશ્રીઓ, ઝોન પ્રમુખશ્રીઓ, મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ તથા એન.એસ.યુ.આઈ.ના તમામ હોદેદારો તથા કાર્યકર ભાઈઓ અને બહેનોને અભિવાદન સમારોહમાં અચુક હાજરી આપવી તેમ ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડૉ. કૌશિક શાહે જણાવ્યું છે.

# વલાદના વૃદ્ધાને ચુનો લગાવી દેનાર રીક્ષા ગેંગના સૂત્રધારો ઝડપાયા

### એક સગીર સહિત બે શખ્સોની વૃદ્ધાના સોના-ચાંદીના દાગીના સાથે ધરપકડ : શેઠના ઘરેથી રૂપિયાનું બંડલ ચોરી લાવ્યો છું તેમ કહી વૃદ્ધાના દાગીના સેરવ્યા હતા

ગાંધીનગર, તા.૨૫

પાંચ દિવસ પહેલા લીંબડીયા કેનાલ પાસેથી વલાદના એક વૃદ્ધાને રીક્ષામાં બેસાડી રીક્ષા ગેંગ દ્વારા નવો કિમીયો અજમાવીને વૃદ્ધાના સોના-ચાંદીના દાગીના પડાવી લઈ રીક્ષા ગેંગે વૃદ્ધાને ચુનો લગાવ્યો હોવાની ઘટના બની હતી. આ પ્રકરણમાં ગાંધીનગર એસીબીની ટીમે એક કિશોર સહિત બે સુત્રધારોને વૃદ્ધાના દાગીના સાથે સે-૩૦ સર્કલ પાસેથી દબોચી લીધા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમ વલાદની વૃદ્ધાના દાગીના લઈ જનાર રીક્ષા ગેંગને પકડવા સક્રિય હતી. દરમિયાન ચોકકસ બાતમી હતી કે આ રીક્ષા ગેંગના સાગરીતો સે-૩૦ સર્કલથી ઓરીજનલ દાગીનાના મુદ્દામાલ સાથે પસાર થવાના છે જે આધારે વૉચ ગોઠવી રીક્ષા નં. જીજે ૧૮ એએકસ ૫૧૮૩ લઈને સે-૩૦ સર્કલથી ચિલોડા તરફ જતા સાબરમતિ નદીના પુલ પરથી એક સગીર અને સરદારનગરના મુકેશ કિશન મારવાડી નામના શખ્સને પકડી પાડયા છે. તેમની અંગજડતીમાંથી વૃદ્ધાના સોના-



ચાંદીના દાગીના મળી આવ્યા હતા. ઊંડી પુછપરછમાં બહાર આવ્યું કે સગીર તથા મુકેશ કિશન મારવાડી અને તેના ભાઈ સની કિશન મારવાડી ત્રણેયે મળીને આ કાંડ કર્યો હતો. વૃદ્ધાને રીક્ષામાં બેસાડયા બાદ રૂ. ૫૦ની નોટોનું બંડલ બતાવી વૃદ્ધાને કહ્યું હતું કે પોતાના શેઠ પગાર આપતા ન હોવાથી તેઓ તેમના શેઠના ઘરેથી રૂપિયા ચોરી લાવ્યા છે. વતનમાં જવાનું હોવાથી દોઢેક લાખ રૂપિયાનું આ બંડલ લઈ જવાશે નહીં. કેમ કે રસ્તામાં ચેકીંગ હશે. તેમ કહી વૃદ્ધાને લલચાવી દાગીના આપવા કહી ચુનો લગાવી દીધો હતો અને વૃદ્ધાને વલાદ પાસે ઉતારી મુકયા હતા. આ બંડલમાં ઉપરની એક નોટ જ રૂ. ૫૦ની હતી બાકી અંદર ભુસું ભર્યુ હતું. એલસીબીએ બેને પકડી ત્રીજાની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે. પ્રાપ્ત વિગત મુજબ આરોપી મુકેશ અને તેનો ભાઈ સની કિશોર મારવાડી આ પ્રકારની મોડસ ઓપરેન્ડી ધરાવતા રીઢા આરોપીઓ છે. અગાઉ દહેગામ અનો અમદાવાદના સરદારનગર પોલિસ સ્ટેશનમાં પણ પકડાઈ ચુકેલા હોવાનું પોલિસનું કહેવું છે.

# જલુંદ ગામમાંથી સગીરાનું અપહરણ કરી જનાર ત્રણ ઝડપાયા

### લગ્ન કરવા સગીરાને ૧૮ વર્ષ પુરા થાય તેની રાહ જોવા ૧૧ મહિના સુધી સગીરાને અલગ અલગ સ્થળે છુપાવી રાખી : આઘાતમાં સરી ગયેલી સગીરાની માતાનું પણ મૃત્યુ થઈ ગયું હતું

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના પેથાપુર જલુંદ ગામેથી ૯મી જાન્યુઆરીએ લાલ કારમાં વહેલી સવારે પાંચ વાગે અપહરણ થયેલાની ફરિયાદ થઈ હતી. જેમાં સગીરા સાથે પ્રેમ સંબંધ હતો તે પ્રેમી તથા તેનો મિત્ર બનાવના દિવસે તેના ઘરે ગામમાં જ હાજર મળી આવેલ હતો. ગામ લોકોએ અનેક વખત પુછપરછ કરતા ગુમ થનાર સગીરા વિશે જાણતો નથી તેવું જણાવી તે ગામમાં જ રહેતો હતો. આ અપહરણની તપાસ દરમિયાન પોલિસે અનેકવાર શકમંદ જયદિપસિંહ શંકરસિંહ વાઘેલા તથા સિધ્ધરાજસિંહ ભૂપેન્દ્રસિંહ સોલંકીની તેમજ અન્ય શકદારોની પુછપરછ કરતા કોઈ ગુન્હાને લગતી કડી મળી આવેલ નહી તથા સગીરા પણ મળી આવતી ન હતી. આ સગીરાના અપહરણ બાદ આઘાતમાં સગીરાની માતાનું મૃત્યુ થઈ ગયું હતું.

આ દરમિયાન સગીરાએ પ્રેમી જયદિપસિંહ શંકરસિંહ વાઘેલા સાથે લગ્ન કરી લઈને ડીંગુચા ગામે પ્રેમીના



મામાના ઘરે બંને રહેવા લાગેલા અને વિદેશ જવા માટે પાસપોર્ટ અરજી કરતા તેનો નવો મોબાઈલ નંબર મળી આવ્યો હતો. સર્કલ પોલિસ ઈન્સ્પેકટર એલ.ડી. વાઘેલાએ આ તપાસ શરુ કરતા જયદિપસિંહ અને લગ્ન કરનારા સગીરા લગ્ન અંગેનું પ્રમાણપત્ર રજુ કર્યું હતું અને સગીરાને કોઈએ પોતાનું અપહરણ નથી કર્યું અને સ્વખુશીથી લગ્ન કરેલાનું તથા જયદિપસિંહે તેણીને ભગાડી ન હતી તેવું નિવેદન આપ્યું હતું.

આ બાબતે ઉંડાણપુર્વક તપાસ કરતા લગ્ન ૧૫ સપ્ટેમ્બરે થયેલાનું ખુલવા પામ્યું હતું અને જન્મ તારીખ મુજબ લગ્ન સમયે ૧૮ વર્ષ પુરા થતા ન હોય ગેરકાયદેસર રીતે સગીરા

● અનુસંધાન પાના ૭ પર